# બનાસકાંઠામાં જળ પ્રલય : ૨૫ મૃતદેહો મળ્યા

## ખારિયા ગામના એક જ પરિવારના ૧૭ના મૃતદેહ મળતા ચકચાર



બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદના કારણે તારાજી સર્જાઈ છે. ખાસ કરીને જિલ્લા કાંકરેજ તાલુકાની સ્થિતિ ભંયકર જણાઈ રહી છે. નદીમાં પાણીનો પ્રવાહ વધુ હોવાથી અનેક ગામો બેટમાં ફેરવાયા છે. પાણીના પ્રવાહમાં અનેક લોકો ડૂબી ગયા છે. ત્યારે આજે કાંકરેજના ખરીયા ગામમાં ૨૫થી વધુ મૃતદેહો મળી આવતા હડકંપ મચી જાવ પામી હતી. એનડીઆરફ અને લશ્કર જવાનોએ મૃતદેહો બહાર કાઢી હોસ્પિટલ લાવતા હૃદય દ્રાવક દ્રશ્યો સર્જાયા હતા. જેમાં એક જ પરિવાર ૧૭ લોકોના મોતથી સમગ્ર ગામ હીબકે ચઢ્યું હતું. મુર્તકોની ઓળખ વિધિ કરવામાં આવી રહી છે. કુદરતની વરસાદની થપાટ બાદ પાણી ધીમે ધીમે ઓસરતા હજુ વધુ મૃતદેહો બહાર આવે તેવી તેવી ભીતિ સેવાઈ રહી છે.

બનાસકાંઠા જિલ્લામાં ખાબકેલા ભારે વરસાદના કારણે ચોમેર તબાહી નજરે પડી રહી છે. પૂરગ્રસ્ત વિસ્તારોમાં યુદ્ધના ધોરણે હાથ ધરાયેલી રાહત અને બચાવની કામગીરી છતાં પરિસ્થિતિ વિકટ જણાઈ રહી છે. તંત્ર દ્વારા અત્યાર સુધીમાં ૧૩૦૦થી વધુ લોકોને રેસ્ક્યૂ કરીને બચાવી લેવાયા છે. તો ૪૬ હજારથી પણ વધુ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. હજુ પણ એટલા જ લોકો પાણી વચ્ચે ઘેરાયેલા છે.બનાસકાંઠા જિલ્લામાં વરસાદના ત્રીજા દિવસે પણ સમગ્ર જિલ્લો જળમગ્ન છે. અનેક ગામો સંપર્ક વિહોણા છે. બચાવ ટીમોએ તેરસોથી વધુને બચાવયા છે. અને ચોવીસ હજાર જેટલા લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. સૌથી વિકટ સ્થિત ધાનેરાની છે. અહીં હજુ પણ ૨ થી ૩ ફૂટ પાણી દોડી રહ્યા છે. જેના કારણે લોકોને પીવાના પાણી અને ભોજન માટે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. દરમિયાન, મંગળવારે સાંજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બનાસકાંઠા અને પાટણના પૂરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરક્ષણ કર્યુ હતું. તેમની સાથે સીએમ વિજય રૂપાણી પણ જોડાયા હતા. સીપુ ડેમ સલામત છે અને પાણીનો આવરો ઓછો થતાં તંત્રએ રાહતનો દમ લીધો હતો.



# મોડાસામાં મેઘ કહેર યથાવત : ૨૦૦૦નુ સ્થળાંતર

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં મંગળવારે સાંજે અને બુધવારે બપોરે સુસવાટાભર્યા પવન સાથે ધોધમાર વરસાદ ખાબકતા ભયાવહ સ્થિતિ જોવા મળી રહી છે. મોડાસાનુ ઓધારી તળાવ, લીમડા તળાવ અને બાડેસર તળાવ ઓવરફ્લો થતા અને ગટર વ્યવસ્થા સંપૂર્ણ નિષ્ફળ સાબીત થતા મોડાસાના હાર્દસમા ચાર રસ્તા, બસસ્ટેન્ડ વિસ્તાર, માલપુર રોડની સોસાયટીઓમાં વરસાદી પાણીએ ઘમરોળી નાખ્યા હતા. લઘુમતિ વિસ્તારની કોલેજ રોડ પાછળની સોસાયટીઓમાં પ્રથમ મજલા સુધી પાણી ઘુસી જતા ૨૦૦૦ લોકોએ સ્થળાંતર કરવુ પડ્યું હતું. જિલ્લા કલેકટર શાલીની અગ્રવાલ, વહીવટીતંત્ર નગરપાલિકા પ્રમુખ વનીતાબેન સતત વરસાદી પાણી ભરાયેલા વિસ્તારોમાં અસરગ્રસ્ત લોકોની મુલાકાત લઈ ઝડપી કામગીરી માટે ભયાવહ રૂપ ધારણ કરતા જાણે આભ ફાટ્યુ હોય તેવી સ્થિતિનુ નિર્માણ થયુ હતુ. મોડાસામાં ચારેબાજુ પાણી ફરી વળતા જળબંબાકાર સ્થિતિ પેદા થઈ હતી. જતા અટકાવવા નગર પાલિકા તંત્ર દ્વારા બાલિશ પ્રયાસ થતા માલપુર રોડ પર રહેલી રહેણાંક સોસાયટીઓમાં ઓધારી તળાવના પાણી ફરી વળતા કેડસમા પાણી ધ્યાન દોરતા નગરપાલિકા તંત્ર દ્વારા કુદરતી વહેણ પરની પાળ તોડી નાખતા પાણીનો પ્રવાહ ઓછો થયો હતો.

મોડાસા લઘુમતિ વિસ્તારની રશુલાબાદ, સમ્મે હિદાયત, અમનપાર્ક સોસાયટીઓમાં મંગળવારે ભરાયેલા પાણી ઓસરે તે પહેલા બુધવારે બપોરે પડેલા સાંબેલાધાર વરસાદથી સમગ્ર વિસ્તાર પાણીમાં ઘરકાવ થઈ ગયો હોય તેવો માહોલ પેદા થયો હતો. મુસ્લીમ વિસ્તારના લોકોના જણાવ્યા અનુસાર અંદાજે ૨૦૦૦ લોકોએ વરસાદની ભયાવહ સ્થિતિના પગલે સ્થળાંતર કરી સલામત જગ્યાએ ખસેડવામાં આવ્યા હતા. લઘુમતિ વિસ્તારની સોસાયટીના લોકો અને ઝુપડપટ્ટી વિસ્તારના લોકો વરસાદી આફતથી બચવા જે સામગ્રી હાથ લાગી તે લઈ દોડાદોડી કરતા નાસભાગ મચી હતી. નગરપાલિકાતંત્ર કુદરતી કહેરમાં વહી જતા ઠેર ઠેર જળબંબાકાર સ્થિતિ પેદા થઈ હતી.

આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ લઘુમતિ વિસ્તારમાં લીમડાતળાવ ઓવરફ્લો થતા ૫૦૦૦ લોકોને સમજાવી માંડ માંડ આશ્વાસન આપ્યુ હતુ.










મોડાસા શહેરમાં મંગળવારે રાત્રે અને બપોરે સતત વરસાદે મોડાસાના ઓધારી તળાવ ઓવરફ્લો થતા ઓવરફ્લો પાણીના કુદરતી વહેણ લઘુમતિ વિસ્તારમાં ભરાઈ જતા લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. મોડાસાના નિલેષભાઈ જોષી દ્વારા પ્રાંત અધિકારીને આ અંગે જિલ્લાની સોસાયટી, ઘાંચી હાઈસ્કૂલ વિસ્તાર, ગરીબનવાઝ સોસાયટી, લીમડા તળાવ વિસ્તારની સોસાયટી, મામલો થાળે પાડ્યો હતો. મોડાસા શહેરની ચારેબાજુ પાણી ભરાતા શહેરીજનો બેબાકળા બન્યા હતા.

# હિંમતનગરમાં આઠ, અમીરગઢમાં છ ઈંચ વરસાદ

હિંમતનગર, તા. ૨૬

સમગ્ર ગુજરાત રાજ્યમાં છેલ્લા બે દિવસ દરમિયાન વરસાદ વરસતા જનજીવનને અસર પહોંચી છે. ત્યારે સાબરકાંઠા જિલ્લામાં પણ ગત ૨૪ કલાક દરમિયાન સમગ્ર જિલ્લામાં મેઘમહેર યથાવત રહેતા જિલ્લાના હિંમતનગર તાલુકામાં સૌથી વધુ ૨૧૯ મી.મી. અને સૌથી ઓછો વિજયનગર તાલુકામાં ૨૪ મી.મી. વરસાદ નોંધાયો છે. જ્યારે સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૫૭૮ મી.મી. વરસાદ વરસ્યો હોવાનું જિલ્લા ડિઝાસ્ટર કચેરી દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

છેલ્લા ૨૪ કલાકમાં હિંમતનગરમાં આઠ ઈંચ, અમીરગઢમાં છ ઈંચ, ધાનેરામાં પાંચ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. ગુજરાત રાજ્યનો કુલ વરસાદનો આંકડો ૬૮.૫૨ ટકા સુધી પહોંચી ગયો છે. સૌથી વધુ ઉત્તર ગુજરાતમાં ૧૦૪.૦૮ ટકા વરસાદ નોંધાયો છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, કચ્છ પ્રદેશમાં ૭૬.૮૪ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૦૪.૦૮ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૫૧.૬૨ ટકા, સૌરાષ્ટ્રમાં ૭૨.૪૪ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૫૨.૪૬ ટકા જેટલો વરસાદ હજુ સુધી નોંધાઈ ચુક્યો છે. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકામાં ૨૧૯ મીમી એટલે કે આઠ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. બનાસકાંઠા જિલ્લાના અમીરગઢમાં ૧૫૦ મીમી એટલે કે છ ઈંચ વરસાદ નોંધાઈ ચુક્યો છે. ધાનેરા તાલુકામાં ૧૩૯ મીમી એટલે કે, ૫ ઈંચથી વધુ વરસાદ થઈ ચુક્યો છે. દાતા તાલુકામાં ૧૦૪ મીમી, ડિસામાં ૧૧૯ મીમી, દિયોદરમાં ૧૦૬ મીમી, વિજાપુરમાં ૧૦૯ મીમી, પ્રાંતિજમાં ૧૧૧ મીમી, ધનસુરામાં ૧૦૯ મીમી, મોડાસામાં ૧૧૩ મીમી, તિલકવાડામાં ૧૦૬ મીમી જેટલો વરસાદ થયો છે.

**ક્યા કેટલો વરસાદ**

| તાલુકો | છેલ્લા ૨૪ કલાકનો વરસાદ |
|---|---|
| હિંમતનગર | ૨૧૯ |
| ઈડર | ૬૩ |
| ખેડબ્રહ્મા | ૩૦ |
| પોશીના | ૨૬ |
| પ્રાંતિજ | ૧૧૧ |
| તલોદ | ૭૯ |
| વડાલી | ૨૬ |
| વિજયનગર | ૨૪ |
| કુલ | ૫૭૮ |

# મોડાસાના ખડોદા ગામે એનડીઆરએફ ટીમે રેસ્ક્યુ ઓપરેશન કરી પ્રસુતાને દવાખાને ખસેડાઈ

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જિલ્લા સહિત મોડાસા પંથકમાં સતત ૬ દિવસથી મેઘરાજાની બેટીંગની ધબધબાટી બોલાવતા જિલ્લાના મોટાભાગના વિસ્તાર પાણી-પાણી થઈ ગયા છે. અરવલ્લી જિલ્લાના ૨૦ થી વધુ સંપર્ક વિહોણા બની ગયા છે ત્યારે મોડાસા તાલુકાનુ ખડોદા, નવા ખડોદા અને મહાદેવપુરા ગામ ૪ દિવસથી સંપર્ક વિહોણા થતા ત્રણેય ગ્રામજનોની હાલત દયનીય બની છે. બુધવારે ખડોદા ગામની પ્રસુતા મહિલાને પ્રસુતાની પીડા ઉપડતા એનડીઆરએફની ટીમ અને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ દ્વારા રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી મહિલાને સલામત રીતે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાઈ હતી.

મોડાસાનુ ખડોદા ગામ ૪ દિવસથી સંપર્ક વિહોણુ બનતા ગ્રામજનોની હાલત દયનીય બની છે. ખડોદા ગામના માર્ગમાં માઝૂમ નદી પસાર થતા તેમજ ઈટાડી તરફ જતા પુલને ખોદી નખાતા ૪ દિવસથી લોકો ભગવાન ભરોસે જીવી રહ્યા છે. ખડોદા ગામના લોકો સાથે ટેલીફોનીક ચર્ચા કરતા જણાવ્યુ હતુ કે ખડોદા, નવા ખડોદા અને મહાદેવપુરા ગામનો એક રોડ હોવાથી ત્રણેય ગામમાં લોકોની હાલત કફોડી બની છે. જીવનજરૂરીયાત ચીજવસ્તુઓ ખુટી પડતા લોકો વહીવટીતંત્ર દ્વારા મદદરૂપ થાય તેવી આશા સેવી રહ્યા છે. ૪ દિવસ જેટલો સમય વિતવા છતા સરકારી તંત્રના એક પણ અધિકારી દ્વારા ગ્રામજનોની પરિસ્થિતિનો તાગ મેળવાનો પ્રયાસ હાથ ધર્યો નથી.





બનાસકાંઠા જિલ્લામાં પુરના કારણે થયેલ તારાજી ફેલાયેલી જે અને હાલ પણ કેટલાય લોકો પુરમાં ફસાયેલા છે ત્યારે પુરમાં ફસાયેલ લોકો માટે સમગ્ર ગુજરાતમાંથી ફૂડ પેકેટ મોકલાઈ રહ્યા છે ત્યારે આજરોજ બાયડ ભાજપ યુવા મોરચાના કાર્યકરો દ્વારા બનાસકાંઠા જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી હતી અને ત્યાં જઈ લોકોને ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# પ્રાંતિજ સહિત તાલુકામાં મકાનો-દિવાલો ધરાશાયી

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ સહિત તાલુકાઓમાં તાજેતરમાં જ મેઘમહેર થઈ છે તો બીજીબાજુ વરસાદી પાણીને લઈને કાચા મકાનો તથા માટીમાંથી બનાવેલ મકાનોમાં ધોવાણ થતાં મકાનો તથા દિવાલો ધરાશાયી થવાનાં બનાવો એક પછી એક પ્રાંતિજ સહિત તાલુકામાં વધારો થયો છે. પ્રાંતિજ સહિત તાલુકામાં પડી રહેલ વરસાદને લઈને કાચા અને પાકા મકાનોની દિવાલો તથા મકાનો ધરાશાયી થવાના બનાવો સામે આવ્યાં છે. પ્રાંતિજ હુમ્મડ કુવા પાસે પણ બે મકાનની દિવાલો ધરાશાયી થઈ હતી. મજરા ખાતે પણ ભૈરવનાથ મંદિર પાસે આવેલ મકાનની દિવાલ ધરાશાયી થઈ હતી તો કરોલમાં ચાર મકાનો અને તાજપુરમાં પાંચ મકાનો અને દિવાલો પડવાના



બનાવો સામે આવ્યાં છે. તંત્ર દ્વારા યોગ્ય તપાસ કરી પડી ગયેલ મકાનોનો સર્વે કરી મકાન માલિકોને સરકાર દ્વારા આર્થિક સહાય મળે એવી માંગ છે.

## મકાન તથા દિવાલો ધરાશય થયેલ મકાન માલિકોની યાદી

મધુબેન રમણભાઈ પટેલ (વિધવા) કરોલ, રમેશજી વેચાતજી મકવાણા, કરોલ, રૂમાલજી રામાજી મકવાણા, કરોલ, હસમુખભાઈ દેવેન્દ્રપ્રસાદ જોષી, કરોલ, પ્રતાપજી બનાજી મકવાણા, તાજપુર, ભગાભાઈ મોતીભાઈ, તાજપુર, જોઈતાભાઈ રામદાસભાઈ, તાજપુર, દિનેશસીંગ લક્ષ્મણસીંગ, તાજપુર, સુરેશભાઈ નેમચંદ્ર ગાંધી, પ્રાંતિજ, સુનીલભાઈ મહેન્દ્રભાઈ શાહ, પ્રાંતિજ

## તંત્ર પહોંચી રહ્યું છે

આ અંગે પ્રાંતિજ મામલતદાર ડી.એલ. રાઠોડને પુછતા તેવોએ જણાવ્યું હતુંકે તંત્ર દ્વારા પહેલાથી જ બે ટીમો બનાવવામાં આવી છે જેમાં એક ટીમ શહેરી વિસ્તારમાં તથા બીજી ટીમ ગ્રામ્ય વિસ્તારોમાં જેમા શહેરી વિસ્તારમાં ચીફ ઓફિસરની ટીમ દ્વારા તથા ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારીની ટીમ દ્વારા જે તે વિસ્તારોમાં ઘટનાસ્થળે જઈ થયેલ નુકસાનનું સર્વે તથા તપાસ બાદ પંચનામા બાદ તંત્રમા રીપોર્ટ કરવામાં આવશે અને રીપોર્ટ બાદ જે તે મકાનમાલિકને સરકાર દ્વારા રીપોર્ટના આધારે વળતરની ચુકવણી થઈ શકે છે.



## ગળતેશ્વર મહાદેવ મંદિર ખાતે કંપાઉન્ડ દિવાલ-શેડ ધરાશાયી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ગળતેશ્વર ખાતે આવેલ સુપ્રસિદ્ધ ગળતેશ્વર મહાદેવ ખાતે મંદિરમાં આવેલ શેડ તથા કંપાઉન્ડ દિવાલ ધરાશાયી થઈ ગઈ હતી. પ્રાંતિજ સહિત તાલુકામાં અનેક સ્થળોએ મકાનો દિવાલો ધરાશાયી થઈ છે ત્યારે પ્રાંતિજ ના ગળતેશ્વર ખાતે પણ સુપ્રસિદ્ધ ગળતેશ્વર મહાદેવ મંદિર ખાતે પણ આજે સવારે મંદિર સંકુલમાં આવેલ ભોજનાલય માટે બનાવેલ શેડ તથા તેની બાજુમાં આવેલ કંપાઉન્ડ દિવાલ પણ ધરાશાયી થઈ હતી ત્યારે શિવભકતો દ્વારા મંદિરમાં પૂજા કરી રહ્યાં હતાં અને ભોજનાલય બાજુ શિવભકતો કે અન્ય કોઈ દર્શનાર્થી ના હોવાથી મોટી જાનહાની ટળી હતી.

## મેઘરજ તાલુકામાં સતત વરસાદના કારણે ૧૦ મકાનો અને એક સ્કૂલના ઓરડાની દીવાલ ધરાશાઈ

મેઘરજ, તા. ૨૬

મેઘરજ તાલુકામાં એક અઠવાડીયાથી સતત વરસાદના કારણે મંગળવારે તાલુકામાં દસ જેટલા મકાનો અને એક સ્કૂલના ઓરડાની દીવાલ ધરાશાઈ થઈ હતી.

## કુંભેરા ગામે બે વર્ષીય બાળક પાણીમાં ડુબી જવાથી મોત

મેઘરજ તાલુકાના કુંભેરા ગામે બપોરે આંબલીયા ફળીમાં બે વર્ષનો બાળક કિરણ શુભાષભાઈ આંબલીયા ઉં.વ. ૨ ઘર આગળ રમતા રમતા વરસાદી પાણીના ખાડામાં ગરકાવ થઈ ગયો હતો. બાદ પરીવારજનોએ બુમાબુમ કરી આ બાળકને બહાર કાઢી તાત્કાલીક મેઘરજની સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. તબીબે મૃત જાહેર કરતા પરીવારજનોમાં શોકની લાગણી વ્યાપી હતી.

